# ૩. આવકારો

## દુલા ભાયા કાગ

તેમનો જન્મ ૨૫ નવેમ્બર, ૧૯૦૨ના રોજ સૌરાષ્ટ્રના મજાદર ગામે થયો હતો. આ ચારણ કવિ મુખ્યત્વે તેમના ધાર્મિક છંદ, ભજન અને દોહાઓ માટે જાણીતા બન્યા છે. તેમણે માત્ર પાંચ ધોરણ સુધીનું જ શિક્ષણ લીધું હતું. પછી કૌટુંબિક વ્યવસાય ખેતીમાં જોડાયા હતાં. તેમણે પોતાની જમીન વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં આપી દીધી હતી. 'કાગવાણી ભાગ ૧થી ૮', 'વિનોબા ભાવેની – ચન્દ્ર બાવની', 'સોરઠબાવની', 'શક્તિચાલીસા', 'ગુરુમહિમા' વગેરે પુસ્તકો તેમણે આપ્યા છે. તેમને પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો. ૨૫ નવેમ્બર, ૨૦૦૪ના રોજ ભારત સરકારના ટપાલ વિભાગે તેમના માનમાં પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૭ના રોજ તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ ઉમદા માનવજીવન જીવવાની શીખ આપતા એકબીજાને ઉપયોગી થવાની વાત કરી છે. દુનિયામાં ઘણા માણસો મુશ્કેલીથી ઘેરાયેલાં અને ખૂબ દુ:ખી હોય છે. તેવા કોઈપણ માણસ મદદની આશાથી આપણી પાસે આવે તો આપણે તેનું દુ:ખ સમજવા તેની વાત શાંતિથી સાંભળવી જોઈએ. અને તેની સાથે સહાનુભૂતિભર્યો વ્યવહાર કરી તેના દુ:ખમાં ભાગીદાર થવું જોઈએ જેથી તેનું દુ:ખ હળવું થઈ શકે.

દુ:ખથી વ્યગ્ર લોકોને સાંત્વના આપવી એ માણસાઈ દર્શાવવાનું પ્રથમ લક્ષણ છે. ઈશ્વરની દેન સમા માનવજીવનને દીપાવવા માટે માનવતા જેવો શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી તેવું આ કાવ્યમાં અત્યંત સરળ ભાષામાં કવિએ આપણને સમજાવ્યું છે.

એ જી તારાં આંગણિયાં પૂછીને કોઈ આવે રે;
આવકારો મીઠો આપજે રે !
એ જી તારે કાને રે સંકટ કોઈ સંભળાવે રે;
બને તો થોડું કાપજે રે ! (ટેક)
માનવીની પાસે કોઈ માનવી ન આવે રે ;
એ જી તારા દિવસની પાસે રે દુખિયાં આવે રે ! ... આવકારો૦
'કેમ તમે આવ્યા છો ?' એમ નવ કહેજે રે !
એ જી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે ! ... આવકારો૦
વાત એની સાંભળીને આડું નવ જોજે રે;
એ જી એને માથું રે હલાવી હોંકારો તું દેજે રે ! ... આવકારો૦
'કાગ' એને પાણી પાજે, સાથે બેસી ખાજે રે;
એ જી એને ઝાંપા રે સુધી તું મેલવા જાજે રે ! ... આવકારો૦

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં સમૂહગાન કરાવવું, ત્યાર પછી આપણા ઘરે આવતા મહેમાનોની આગતા-સ્વાગતા કેવી કેવી રીતે કરવામાં આવે છે તે બાબત ચર્ચા કરીને ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી આતિથ્ય ભાવનાની સમજ આપવી.

કાવ્યના વાચ્યાર્થ પ્રમાણે પ્રશ્નો પૂછી તેના ઉત્તરના આધારે ઉદાહરણ સાથે તેના ગૂઢાર્થનું સ્પષ્ટીકરણ કરવું. દિલાસો દેવાથી, સહાનુભૂતિ દર્શાવવાથી અને સાંત્વના આપવાથી મનુષ્યનું માત્ર દુઃખ જ દૂર નથી થતું પણ તેની સામે લડવાની તેનામાં હિંમત આવે છે, નવું જોમ પ્રગટે છે અને તે જ તો માનવતાનું શ્રેષ્ઠ દર્શન છે. માટે માનવતા દર્શાવી મનુષ્યજીવન સાર્થક કરવાની પ્રેરણા પૂરી પાડવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) મુશ્કેલી (૨) મનુષ્ય (૩) ધીમે (૪) નહિ
(૫) શીશ (૬) જળ (૭) દિન (૮) ઓછું

**સ. ૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) જેની આવવાની તિથિ નક્કી નથી તે - (૨) જેને કદી સંતોષ જ ન થાય તે -
(૩) ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગ્યા - (૪) બધું જ સારી રીતે જાણનાર -

**સ. ૩. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દ શોધીને લખો.**

**સ. ૪. આડું જોવું એટલે અવગણના કરવી. આવી રીતે નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ શબ્દકોશની મદદથી મેળવીને લખો :**

(૧) આડું વેતરવું (૨) આડું ઉતરવું (૩) આડું પડવું (૪) આડું ચાલવું (૫) આડું આવવું

**સ. ૫. અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) તને સુખી જોઈને કોઈ તારી પાસે તેમનું દુઃખ વ્યક્ત કરવા આવે તો તું તેની વાત શાંતિથી સાંભળજે.
(૨) દુઃખીઓની વાત સાંભળ્યા પછી તેની અવગણના ન કરીશ. પણ વચ્ચે તેને હોંકારો આપતો રહેજે જેથી તેને સાંત્વના મળી રહે.

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન ફરીથી લખો :**

(૧) આંગણે આવનાર અતિથિને ___________________
(અ) ભેટીને આવકારવાનું કવિ કહે છે (આ) મીઠો આવકારો આપવાનું કવિ કહે છે
(ઇ) પરાણે આવકારવાનું કવિ કહે છે

(૨) કોઈ પોતાના દુઃખની વાત કરતા હોય ત્યારે ___________________
(અ) તેની વાત વચ્ચેથી કાપી નાંખવી (આ) તેને વાત કરતા અટકાવીને રવાના કરી દેવા
(ઇ) તેની વાત શાંતિથી સાંભળવી

(૩) આ કાવ્યમાંથી બોધ મળે છે કે ___________________
(અ) બધા સાથે હળીમળીને રહેવું (આ) માનવતા દાખવી એકબીજાને મદદરૂપ થવું
(ઇ) કટુ વ્યવહાર કદી કરવો નહિ

(૪) આંગણે આવેલા અતિથિનો___________________

(અ) તિરસ્કાર કરીને તેને કાઢી મૂકવા (આ) તિરસ્કાર કરવો (ઇ) તિરસ્કાર ન કરવો

**સ. ૭. આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ કાવ્યપંક્તિ લખો :**

(૧) એને પાજે કાગ ખાજે સાથે બેસી રે પાણી

(૨) આવે એ રે જી તારાં પૂછીને આંગણિયાં કોઈ

(૩) કોઈ માનવી આવે પાસે ન માનવીની રે

(૪) કાને રે જી એ સંકટ રે સંભળાવે કોઈ તારે

**સ. ૮. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) કોઈ આંગણે આવે ત્યારે | (અ) કદી ન પૂછજો |
| (૨) કોઈ પોતાનું દુઃખ કહે ત્યારે | (આ) તેને હોંકારો દેજો |
| (૩) કેમ આવ્યા છો તેવું | (ઇ) તેને આવકારો આપજો |
| (૪) તેની વાત સાંભળીને | (ઈ) થોડું દુઃખ ઓછું કરજો |

**સ. ૯. પ્રસ્તુત કાવ્યનો સાર તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦. નીચેનાં વાક્યોને બહુવચનમાં ફેરવો : દા.ત. : તું શાક રોટલો ખાજે. તમે શાક રોટલા ખાજો.**

(૧) તું ગરીબને મદદ કરજે. (૨) હું રોટલી બનાવીશ. (૩) તે દાખલો ગણશે.

(૪) તું તારા કપડાં ધોઈ નાંખજે. (૫) તું ચિત્ર દોરજે. (૬) હું તને ગીત સંભળાવીશ.

**સંભાષણ** ★ 'અતિથિ દેવો ભવઃ'ની સંસ્કૃતિ વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'દુલા ભાયા કાગ'ના ૫ દોહાઓ ઇન્ટરનેટની મદદથી શોધીને એક સરસ મજાનું ભીંતપત્રક બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### અતિથિ

તિથિ જોયા વગર આપણા ઘરના આંગણે આવીને ઊભો રહે તે અતિથિ. એક સૂત્ર પણ છે કે 'અતિથિ દેવો ભવઃ' આ સૂત્રમાં કેવો ભવ્ય ભાવ ભરેલો છે. ભારતીય સંસ્કૃતિની કેવી સુંદરતા રહેલી છે કે સ્નેહી સ્વજનોના સત્કાર કરતાય અતિથિ સન્માનથી સદ્‌ભાવના અપૂર્વ કોટિની ગણાતી !

જ્યાં કુટુંબના નાના-મોટા સહુના દિલમાં ભેદભાવ નથી પણ સમભાવ છે. જ્યાં કલેશ, દ્વેષ કે કટુતા નથી, નથી નિંદા કે પારકી પંચાત જેના ઘરમાં અન્યના ઘરની વાત અથવા વિચારને આવકાર નથી, પણ જ્યાં સંપ, સ્નેહ-સદ્‌ભાવ, સત્સંગ અને સત્કર્મની સુમધુર સુવાસ ઘરની પ્રત્યેક વ્યક્તિના અણુએ અણુમાં વ્યાપેલી છે એવા ઘરમાં અતિથિનાં સાચા સન્માન, સત્કાર ને સ્વાગત થાય છે. આવી અતિથિ સત્કારની સદ્‌ભાવના સહુ કોઈના જીવનમાં સાકાર પામે એ જ મંગલ મનોકામના.

– સંકલિત

8SYXAF

આતિથ્ય ભાવના ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે.